| PUBLICATION NAME : | Sandesh (City Life) |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 23/08/2022 |
| PAGE: | 1 |

### એનબીએના ચેરમેન પ્રો. કે.કે. અગ્રવાલે પરિણામ આધારિત શિક્ષણ વિશે વાત કરતા કહ્યું,

# ગુણવત્તાયુક્ત શિક્ષણની દૃષ્ટિએ ભારત દેશને હજુ પણ ઘણા પડકારોનો સામનો કરવાનો છે

### ઇડીઆઇઆઇ દ્વારા 'ભારતમાં પરિણામ આધારિત શિક્ષણ અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓની માન્યતા' પર એક રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરાયું



**સિટી લાઇફ** । આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈ આઈ)ના ઇન્ટરનલ ક્વોલિટી એશ્યોરન્સ સેલ (આઈક્યુએસી)નાં નેજા હેઠળ 'ભારતમાં પરિણામ આધારિત શિક્ષણ અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓની માન્યતા' પર એક રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારના મુખ્ય અતિથિ તરીકે એનબીએના ચેરમેન પ્રોફેસર કે. કે. અગ્રવાલ હાજર રહ્યા હતા. આ ઉપરાંત ગાંધીનગરના કલેક્ટર અને મેજિસ્ટ્રેટ, આઈએએસ, ડૉ. કુલદીપ આર્યા તેમજ, ડૉ. રુપેશ વસાણી અને ઈડીઆઈ આઈના ડિરેક્ટર જનરલ ડૉ. સુનીલ શુક્લા હાજર રહ્યા હતા. સેમિનારમાં સમગ્ર ગુજરાતની ૬૫થી વધારે સંસ્થાઓમાંથી આશરે ૧૨૫ શિક્ષણવિદ્ હાજર રહ્યા હતા, જેમણે ગુણવત્તાયુક્ત શિક્ષણ અને પરિણામ આધારિત શિક્ષણના વિવિધ પાસાં પર ચર્ચાવિચારણા કરી હતી. એનબીએના ચેરમેન પ્રોફેસર કે. કે. અગ્રવાલે સંબોધન કરતાં કહ્યું હતું કે, 'દેશ કોવિડ પછી ગતિશીલ પરિવર્તનોમાંથી પસાર થઈ રહ્યો છે અને આ કહેવું ઉચિત છે કે, કોવિડે દેશના વિકાસ માટે આવશ્યક શિક્ષકની કામગીરી અદા કરી છે. આપણે હજુ પણ પરિવર્તનના તબક્કામાંથી પસાર થઈ રહ્યાં છીએ અને ગુણવત્તાયુક્ત શિક્ષણની દૃષ્ટિએ હજુ પણ ઘણા પડકારોનો સામનો કરવાનો છે. પરિણામ આધારિત શિક્ષણ માટે કોઈ પણ વ્યક્તિને પાછળ નજર કરવાની અને વિદ્યાર્થીઓના લક્ષ્યાંકને પરિભાષિત કરવાની તથા પછી એના પર આધારિત માપદંડો નક્કી કરવાની જરૂર છે. પરિણામ આધારિત શિક્ષણ એટલે વિદ્યાર્થી, શિક્ષક અને પછી સંસ્થાને સ્વાયતતા મળવી, જે પરિણામ આધારિત અભિગમના સફળ અમલ તરફ દોરી જશે'.



## દેશમાં સ્ટાર્ટઅપ માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ મહત્ત્વની ભૂમિકા ધરાવે છે

ગાંધીનગરના કલેક્ટર અને મેજિસ્ટ્રેટ, આઇએએસ ડૉ. કુલદીપ આર્યાએ કહ્યું કે, 'જ્યારે સ્ટાર્ટઅપ્સની વાત આવે છે, ત્યારે દેશ સારી પોઝિશન ધરાવે છે. ગુજરાત ઉદ્યોગસાહસિકો અને સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવા માટે અનેક નીતિઓ ધરાવે છે. ગુણવત્તાયુક્ત શિક્ષણની ભૂમિકા અહીં ચાવીરૂપ ભૂમિકા ધરાવે છે અને આ માટે ઇડીઆઇઆઈ ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન આપવા અને દેશની મજબૂત ઇકોસિસ્ટમ ઊભી કરવા માર્ગ મોકળો કરી રહ્યું છે'.